# હું ભણેલો છું કે ગણેલો? ચાલો, નક્કી કરીએ

મારા એક પ્રવચન બાદ પ્રશ્નોત્તરી દરમિયાન એક ભાઈએ કહ્યું, 'પણ ત્યાં અનેક ભણેલા-ગણેલા માણસો ભેગા થાય છે. પ્રવચનનો વિષય હતો 'છટકબારીઓ'. અંદર અને બહાર વચ્ચે સંવાદિતા ન હોવાના કારણે ઊભો થતો સંઘર્ષ અને ત્યાર બાદ એ સંઘર્ષના ઉપાય અર્થે છટકબારીઓનો ઉપયોગ.

આ 'ભણેલા-ગણેલા' એટલે શું? આપણા રોજબરોજના વ્યવહારમાં આપણે આ શબ્દોનો 'છૂટથી ઉપયોગ કરીએ છીએ, એટલે એનો કંઈક અર્થ, મહત્ત્વ, ઉપયોગ, વજૂદ... કશુંક તો હશે જ ને! અને આ કથનમાં 'ભણેલો' શબ્દ તો સહેલાઈથી સમજાય એવો છે, પરંતુ આ 'ગણેલા' એટલે શું?'

૧. ભણેલો : બે શબ્દો છે : ભણેલા અને અભણ. આ ભણતર એટલે ઔપચારિક શિક્ષણ-ફૉર્મલ એજ્યુકેશન. બાળમંદિરથી શરૂ કરી ઠેઠ યુનિવર્સિટી સુધી. અને એ શિક્ષણના અનેક પ્રકાર. કેટલાક પ્રકાર ખૂબ લાંબા તો કેટલાક ટૂંકા. ઘણું કરીને, આધુનિક સમયમાં આ શિક્ષણને આજીવિકા સાથે-કમાણી સાથે-જીવનશૈલી સાથે સંબંધ છે. શાળાઓ-કૉલેજો એ વ્યક્તિને એક સારો પ્રોફેશનલ (કારીગર) બનાવે છે, સારો માણસ નહીં. ત્યાં એનાં કૌશલ્યોનું ઘડતર થાય છે, એના ચારિત્ર્યનું નહીં!

આપણે કેટલા ગૌરવથી કહીએ છીએ : મારો દીકરો કાર્ડિયોલૉજિસ્ટ છે.
મારી પૌત્રીને સ્ટેનફર્ડમાં મળ્યું (ઍડ્મિશન).
અમારા દીકરાની વહુ ફાર્મસિસ્ટ છે.

અને આપણે જ્યારે આવું કહીએ છીએ ત્યારે આપણી નજર એ વ્યકિતની વેચાણ-કિંમત- સેલિંગ પ્રાઇસ કેટલી છે, એની ભૌતિક સમૃદ્ધિ ભેગી કરવાની કેટલી તાકાત છે એના પર છે. તે એમાં ખોટું શું છે એની આ વાત નથી. આ વાત છે અત્યારે જે ચાલી રહ્યું છે એની. ભણેલા હોવું અને ગણેલા હોવું એ તફાવત સમજવાની આ વાત છે. અને મહત્ત્વની વાત એ છે કે એ જરૂરી નથી

કે એક બહુ ભણેલો માણસ બહુ ગણેલો હોય જ! આ સમજવું પડે એવું છે. અને પછી બીજી મહત્ત્વની વાત કે એ છે કે આ બેની સરખામણીમાં શું વધારે મહત્ત્વનું? એ નક્કી કેવી રીતે થાય? એ નક્કી કોણ કરે? ચર્ચા રસપ્રદ બનશે. વિષય આકર્ષક છે એવું અત્યારે તો લાગે છે. તો ચાલો, આગળ ચાલીએ.

માનવજીવન વધારે ને વધારે સ્પર્ધાત્મક અને અઘરું બની રહ્યું છે. સંવેદનશીલ મા-બાપ એમનાં સંતાનો અંગે ચિંતિત છે. કારણ કે શિક્ષણ અને શૈક્ષણિક સંસ્થાઓ બંને એમની દિશા અને ધ્યેય બદલી રહ્યાં છે. 'સફળ વેપારી' બનવાની હરીફાઈ ચાલી રહી છે. ભૌતિક સમૃદ્ધિનું જોર વધી રહ્યું છે. એટલે સ્વાભાવિક રીતે, ઊછરતાં સંતાનો પણ એમની નજર ભૌતિક બાબતો પર કેન્દ્રિત કરે છે.

અભણ માણસ કરતાં ભણેલો વધારે આવકાર્ય છે.
ગરીબ માણસ કરતાં સમૃદ્ધ માણસ વધારે પ્રસિદ્ધ છે.
સંસ્કાર અને સમૃદ્ધિ સાથે રાખવાનું કામ કપરું છે.
શું સારું, ગણેલો કે ભણેલો?
કેટલું અઘરું છે આ નક્કી કરવાનું?

બહુ સ્વાભાવિક રીતે જ આ સંજોગોમાં ગણેલા કરતાં ભણેલાને, અને સંસ્કાર કરતાં સમૃદ્ધિને વધારે મહત્ત્વ અપાય. એવું જ શિક્ષણ બાબતમાં છે. શિક્ષણનું ધ્યેય ચારિત્ર્યઘડતરને બદલે 'પ્રોફેશનલિઝમ' તરફ વધારે છે. પરિવર્તનનો દોર જોરમાં છે. પવનનું જોર એટલું ભારે છે કે સામાન્ય માણસ એ ઝડપની સામે ટકી શકવા અસમર્થ, અસહાય બની રહ્યો છે.

જગત નાનું થઈ ગયું છે. નવી પેઢીનાં સંતાનોને જગત ફંફોળવું છે. એમને દેશમાં રહેવું નથી. એમને અન્ય સંસ્કૃતિઓને જોવી છે, અનુભવવી છે, માણવી છે. પરિણામે માનવીય સંબંધોની ભાત પણ બદલાઈ રહી છે. લગ્ન એક સંસ્થા, મૅરેજ ઇઝ એન ઇન્સ્ટિટ્યૂશન બની રહેવાને બદલે વિભિન્ન પ્રકારના આકાર લઈ રહ્યું છે. શિક્ષણની પરિભાષા બદલાઈ રહી છે. શિક્ષક સાથે સંકળાયેલો એ 'ગુરુ'નો માનનીય અને પૂજનીય ખ્યાલ બદલાઈ ગયો છે. અને એ શિક્ષણ પણ બીજા પ્રોવાઇડર્સની માફક એક સર્વિસ પ્રોવાઇડર બની ગયો છે. સાંદીપનિઋષિનો એ આશ્રમ શાસ્ત્રોની એ જૂની ચોપડીઓમાં ક્યાંક દબાઈ ગયો! ભણતર માટે તો ઑક્સફર્ડ, સ્ટેનફર્ડ અને હાવર્ડના દરવાજા ખૂલ્યા છે પણ એ ગણતરનું શું? મારા એ મહત્ત્વના ભાગનું શું થશે? ભણેલો અને

ગણેલો. શું છે આ બધું? કોઈ પણ સામાજિક સમારંભમાં જાવ તો ત્યાં લોકોનાં ટોળાં ઊમટેલાં દેખાય છે. એ પછી ધાર્મિક સમારંભ હોય, સામાજિક સમારંભ હોય, રાજકીય સમારંભ હોય કે પછી આનંદ, પ્રમોદની પ્રવૃતિ હોય. માણસ સતત અન્ય માણસોના સંપર્કની ઇચ્છા રાખે છે. હુલ્લડો થાય ત્યારે પણ વિભિન્ન લોકોનાં ટોળાં ચોક્કસ ભેગાં થાય છે. આ બધી પ્રવૃત્તિઓ ઔપચારિક હોય કે પછી અનૌપચારિક પણ હોય. જરૂરી નથી કે એ ભીડમાં, એ ટોળામાં, એ ક્લાસરૂમમાં કે પછી એ સમારંભમાં બધા ભણેલા કે અભણ જ માત્ર હોય! મૂલ્યાંકનની, પસંદગીની, જજમેન્ટની કઈ માત્રા ત્યારે મારી એ હાજરી નક્કી કરે છે? એ કાર્યક્રમમાં, એ સમારંભમાં મારા વ્યક્તિત્વનો કયો ભાગ મારી એ હાજરી, મારી એ સંડોવણી નક્કી કરે છે? મારા દ્વારા કશું પણ એમ જ, ખાલી-ખાલી થતું નથી. કોઈક કારણ તો જવાબદાર હોય જ છે. અને ત્યારે આ મહત્ત્વનો પ્રશ્ન ઊભો થાય કે મારા વ્યક્તિત્વનો કયો ભાગ મારી એ સંડોવણી નક્કી કરે છે? ભણતરવાળો ભાગ કે પછી ગણતરવાળો ભાગ?

મારી શૈક્ષણિક લાયકાતની જાહેરાત માટે 'બિઝનેસ કાર્ડ' છપાવાય. એ બહારની ઓળખાણ છે. એ મારા ભણતરની વાત છે, પણ મારા ગણતરનું શું? હું 'ગણેલો છું કે નહીં' એ કેવી રીતે નક્કી થાય? અને 'ગણેલો' એટલે શું?'

૨. ગણેલો : 'ભણ્યો પણ ગણ્યો નહીં' – એ વિધાન આપણે ઘણી વાર સાંભળ્યું છે. શું અર્થ છે આ કથનનો? એ ભણેલો છે. એની પાસે કોઈક શૈક્ષણિક લાયકાત છે, ડિગ્રી છે, સર્ટિફિકેટ છે. લાઇસન્સ છે, પરંતુ એણે એવું કંઈક કર્યું કે જે એના એ સર્ટિફિકેટ સાથે મેળ ખાતું નથી. એટલે કે તમારા વ્યવહાર સાથે, મારી એ તમારા શિક્ષણ સાથેની અપેક્ષા કંઈક જુદી પડે છે. મને તમારું વર્તન નવાઈ પમાડે છે, પણ તમારાથી એ થયું. એ થવા માટેનાં કારણો હોવાં જોઈએ. જે થયું તે તમારા શિક્ષણના કારણે નથી થયું, નહીં તો એ થયું જ ના હોત. એટલે કે તમારા વ્યક્તિત્વનો એવો કોઈક બીજો ભાગ છે જે તમારા એ વ્યવહાર માટે જવાબદાર છે.

એટલે કે ભણતર સિવાયનો પણ મારો એક બીજો ભાગ છે, જેની નોંધ લેવાય છે. અને કહેવાય છે કે ત્યાં એ કથામાં, એ કાર્યક્રમમાં, એ પ્રવચનમાં મોટી સંખ્યામાં 'ભણેલા અને ગણેલાયે' આવે છે! કોણ છે આ ગણેલા? અને આમ એ શબ્દ 'ભાર' મૂકીને કેમ બોલાય છે? ભાર મૂકીને બોલાય છે એટલે એ વજન પડે એવી વાત હોવી જોઈએ. ચાલો, નિરાંતે સમજીએ.

આપણે એક વ્યકિત તરીકે અનેક ભાગોમાં વહેંચાયેલા છીએ. મારી એવી ઘણી ખાસિયતો, ઇચ્છાઓ, અભરખા છે જે મારી ખાનગી બાબતો છે. એ પણ હું જ છું અને મારા એ ભાગ દ્વારા ઘણું બધું થાય છે. જરાક તપાસીએ.

૧. તમે કશું પણ કરવું પડે એટલે કરો છો કે પછી કરવું છે એટલે કરો છો?

૨. તમે તમારા વ્યવસાયમાં ચુસ્ત-કડક (રિજિડ) છો કે છૂટછાટવાળા (ફ્લેક્સિબલ)?

૩. એકાદ દિવસ એમાંનું કશુંક ન થાય તો અપરાધ (ગિલ્ટી)ની લાગણી અનુભવી છે?

૪. તમારા મહત્ત્વના નિર્ણયો તમે જાતે લો છો કે તમારા માટે બીજું કોઈક લે?

૫. તમારી દરેક પ્રવૃત્તિ-પસંદગી બુદ્ધિથી થાય છે કે લાગણીથી?

૬. તમને કોઈક અણજાણ પરિબળો (દા.ત. ખોટ, માંદગી)ની સતત બીક લાગે છે?

૭. તમે બીકણ અને ડરપોક છો?

૮. તમે કંજૂસ છો કે ઉદાર (તમારી સમજ પ્રમાણે)?

૯. તમે બિનજરૂરી વસ્તુઓ (દા.ત. જૂનાં કપડાં, રાચરચીલું) ભેગી કર્યા કરો છો?

૧૦. તમે આત્મવિશ્વાસુ છો? (સેલ્ફ કૉન્ફિડન્ટ)

૧૧. તમે જરૂર ના હોય તો, ના પાડી શકો છો? ના પાડો છો?

૧૨. તમે સતત ગૂંચવાયેલા (કન્ફ્યુઝ્ડ) રહો છો?

૧૩. તમે તમારા નિર્ણયો નૈતિકતાને ધ્યાનમાં રાખીને લો છે કે પછી નફા-નુકસાનને?

૧૪. તમને કશા વળતરની અપેક્ષા વગર સેવા કરવાનું ગમે?

૧૫. તમને થોડાકમાંથી થોડું, કોઈ શરત વગર આપવાનું ગમે?

૧૬. તમને તમારા જીવન અંગે સતત ફરિયાદ રહે છે?

ગણતરને મારી આ બાબતો સાથે સંબંધ છે. એ અંદરની બાબતો ક્યાંયે કોઈ બિઝનેસ કાર્ડ પર છપાયેલી હોતી નથી. મારા જ અસ્તિત્વનો એ મહત્ત્વનો

ભાગ, મારી જુદીજુદી પ્રવૃત્તિઓમાં વ્યક્ત થાય છે. ગણેલાને આમ મારા આંતરિક ગુણો સાથે સંબંધ છે.

જરૂરી નથી કે મારા એ બે ભાગ, ભણેલો અને ગણેલો, હંમેશાં સાથે, સંપીને, હાથમાં હાથ મિલાવીને ચાલતા હોય! મારે, તમારે, આપણે એક ભૂતકાળ હોય છે. ભૂતકાળમાં એ દુઃખદ અનુભવો, ખાસ કરીને, મારા વર્તમાનને પ્રભાવિત કરે છે. એમાં વળી શાસ્ત્રો મારા આગળના જન્મોના સંસ્કારોની છાપ ઉમેરે છે.

મારે ઇચ્છાઓ છે.
મારે અભરખા છે.
મારે વાસનાઓ છે.

મારે ઓછપ છે.
મારે અધૂરપ છે.
મારે લોભ અને લાલચ છે.
ઈર્ષ્યા અને અદેખાઈ છે.
ગણતરીઓ, અપેક્ષાઓ છે.

આ એવું બધું છે કે જેને મારી સમૃદ્ધિ, સત્તા, પ્રતિષ્ઠા, શિક્ષણ સાથે કોઈ સંબંધ નથી.

ગણેલાનો એક અર્થ ડહાપણ – બીઇંગ વાઇઝ હોઈ શકે.

ગણેલાનો એક અર્થ સમતોલ – બૅલેન્સ્ડ હોઈ શકે.

ગણેલાનો એક અર્થ સરળ અને સ્વસ્થ થઈ શકે.

મને સતત કોઈકે ટેકાની, કોઈક અટેકણની, કોઈના સથવારાની જરૂર કેમ પડે છે?

મને સતત એ ટોળાંની જરૂર કેમ પડે છે?

હું મારી સમજ પ્રમાણે સંજોગોનો સામનો કરવાને બદલે એ અસ્પષ્ટ આધારો (અનક્લીયર સોર્સિસ)ની પાછળ કેમ દોડું છું?

એ રાજકીય નેતાની કે ધાર્મિક નેતાની સભામાં બે હજાર માણસો હાજર હતા, એમ કહીએ ત્યારે જરૂરી નથી કે એ માણસોની હાજરી એ નેતાની સફળતા કે ખ્યાતિ સાબિત કરે છે.